# વિરોધપક્ષના નેતાશ્રીનું કાર્યાલય
## ગુજરાત વિધાનસભા, ગાંધીનગર.

**અખબારી યાદી** **તા.૧૦-૦૨-૨૦૧૦**

- **ગુજરાત પીપાવાવ પાવર કંપનીનો ૪૯% હિસ્સો સ્વાન એનર્જીને કોઈપણ જાતના ટેન્ડરના કે પારદર્શક પ્રક્રિયા વગર આપીને મહા મોટુ કૌભાંડ.**
- **સ્વાન એનર્જી માત્ર રૂા. ૩૮૧ કરોડ રોકશે અને રૂા. ૧૪,૨૯૬ કરોડનો લાભ લઈ જશે.**
- **હાલની મળતી વિજળી પ્રતિ યુનિટના રૂા. ૨.૫૦ છે તેની મોંઘી થઈને રૂા. ૩.૫૦ પૈસા થશે.**
- **G.P.P.C.ના શેરના ઓછામાં ઓછા રૂા. ૨૬૦ આવે તે શેર માત્ર રૂા. ૩૭માં સ્વાન એનર્જીને આપવામાં આવ્યાં.**
- **સ્વાન એનર્જીનો હિસ્સો G.P.P.C.માં ૪૯%નો હોવા છતાં કાર્બન ક્રેડિટ ૭૦% આપી દેવાનું કારણ શું?**
- **સ્વાન એનર્જી પાસે એનર્જી કે ફયુઅલનો કોઈ અનુભવ નથી. આ કંપનીનું બેલેન્સશીટ અત્યંત ખરાબ છે.**
- **સાવ મફતમાં સ્વાન એનર્જીને કાર્બન ક્રેડિટ ૧૦ વર્ષ સુધી મળશે. દર વર્ષે રૂા. ૧,૨૦૦ કરોડ કાર્બન ક્રેડિટના મળશે.**

ગુજરાત સરકારનું જાહેર સાહસ ગુજરાત પીપાવાવ પાવર પ્રોજેકટ કંપની(G.P.P.C.)નો ૪૯% હીસ્સો કોઈપણ જાતના ટેન્ડર કે પારદર્શક પ્રક્રિયા વગર બારોબાર વેચી દઈને ૧૪,૨૯૬ કરોડ રૂપિયાનું કૌભાંડ ગુજરાત સરકારે કર્યુ છે. પીપાવાવ પાવર કંપનીનો ૪૯% હિસ્સો સ્વાન એનર્જી લિ.(S.E.L.)ને ગુજરાત સરકારે માત્ર ૩૮૧ કરોડ રૂપિયામાં વેચી દીધેલો છે. રૂા. ૩૮૧ કરોડના સામે ગુજરાત સરકારને રૂા. ૧૪,૨૯૬ કરોડ જેટલું જંગી નુકશાન ભોગવવું પડશે. સ્વાન એનર્જીએ G.P.P.C.નો રૂા. ૧૦નો શેર માત્ર રૂા. ૩૭માં ખરીદેલો છે. પાવર જનરેશનવાળી કંપનીએ માર્કેટમાં જયારે પોતાની ઈક્વીટી વેચી છે ત્યારે પરિસ્થિતિ જોઈએ તો રિલાયન્સ પાવરનો રૂપિયા ૧૦નો શેર રૂા. ૨૪૦માં અને અદાણી અને જીંદાલ જેવી કંપનીઓના રૂા. ૧૦ના શેર રૂા. ૧૦૦માં વેચાયેલા છે. તા. ૪-૨-૨૦૧૦ની સ્થિતિએ ટાટા પાવરના શેરની કિંમત રૂા. ૧,૨૯૦ અને કે.એસ.કે.ના રૂા. ૧૭૭ છે. G.P.P.C. અને G.S.P.C.એ પોતાની ૫% ઈક્વીટી પ્રાઈવેટ પ્લેસમેન્ટ મારફત ઓફર કરી તો તેમાં રૂા. ૧૦ના શેરના રૂા. ૮૦૦ આવેલા છે. આમ, જો ઓછામાં ઓછી કિંમત G.P.P.C.ના શેરની ગણીએ તો રૂા. ૨૬૦ થવી જોઈએ, તેના બદલે માત્ર રૂા. ૨૭માં શેર વેચવાથી ગુજરાત સરકારને રૂા. ૨,૨૯૬.૨૯ કરોડની ખોટ થયેલી છે. આ ઉપરાંત કોઈપણ જાતના વ્યાજબી કારણ વગર સ્વાન એનર્જીને કાર્બન ક્રેડિટનો ૭૦% હિસ્સો આપી દેવાનો નિર્ણય એ એક મોટું કૌભાંડ છે. ૪૯%નો શેર ખરીદનાર સ્વાન એનર્જી લી. પાસે એનર્જી જનરેટ કે ફયુઅલ અંગેનો કોઈ અનુભવ નથી. આ કંપનીએ એક ટેક્ષટાઈલ મિલને ડૂબાડેલ છે. કંપનીનું ઈન્ટરનેટ પરનું બેલેન્સશીટ જોતાં સન-૨૦૦૫ થી ૨૦૦૮ સુધીમાં ઓપરેશનલ લોસ કંપનીનો છે.

સન-૨૦૦૫ થી ૨૦૦૯ સુધીમાં કંપનીએ એકપણ પૈસાની એકસાઈઝ ડયુટી ભરેલી નથી. આવી કંપની કે જેની કોઈ આર્થિક સદ્ધરતા કે પાવર ક્ષેત્રની કુશળતા છે જ નહીં તેને ટેન્ડરની પ્રક્રિયા વગર લાભ આપવાનું કૌભાંડ ગુજરાત સરકારે કરેલ છે. હાલ પીપાવાવ ખાતે ૭૦૨ મેગાવોટ પાવર પ્લાન્ટ છે અને ડિસેમ્બર-૨૦૧૦ સુધીમાં આ પ્લાન્ટ ૧૦૫૦ મેગાવોટ ઉત્પાદન માટે કાર્યાન્વિત થશે, તેમ ગુજરાત સરકારની તા. ૨૨-૧-૨૦૧૦ની પ્રેસનોટમાં જણાવવામાં આવેલ છે. આમ જો પાવર પ્રોજેકટ સંપૂર્ણપણે કાર્યાન્વિત હોય અને જેની કાર્બન ક્રેડિટ અબજો રૂપિયા મળવાની હોય તેનો ૪૯% હિસ્સો ટેન્ડર વગર બંધ બારણે વેચી મારવાનું ગુન્હાહિત કામ ગુજરાતના મુખ્યમંત્રીશ્રી કરી રહ્યાં છે. સ્વાન એનર્જી લિમીટેડના જણાવ્યા મુજબ G.P.P.C એલ.એન.જી. ટર્મિનલ પીપાવાવ ખાતે સ્થપાશે અને હાલના સરકારના રાજયના કોલબેઝ પ્લાન્ટ અને એફ.ઓ. બેઝ પ્લાન્ટને ગેસ બેઝમાં કન્વર્ટ કરી ૧૦ મીલીયન યુનિટ કાર્બન ક્રેડિટ G.P.P.C.માંથી મેળવશે. ઉપરાંત પીપાવાવથી હાલ ૧.૨ મિલીયન યુનિટ કાર્બન ક્રેડિટ મળવાની છે અને ડિસેમ્બર-૨૦૧૦માં ૧,૦૫૨ મેગાવોટ વિજળી તથા ૨.૩ મિલીયન યુનિટ કાર્બન ક્રેડિટ મળશે. આમ, કુલ ૧૩.૨ મિલીયન યુનિટ કાર્બન ક્રેડિટનો ૭૦% હિસ્સો સ્વાન એનર્જીને ગુજરાત સરકાર આપી દેવાની છે. તે જોતાં ૯.૨૪ મિલીયન યુનિટ કાર્બન ક્રેડિટ સ્વાન એનર્જી લિ.ને મફતમાં મળી જશે.૧ C.E.R.s કાર્બન ક્રેડિટની કિંમત હાલમાં ૨૦ યુરોની છે. ૧ યુરોનો ભાવ રૂા. ૬૫ છે. એટલે ૯.૨૫ મિલીયન યુનિટના x ૨૦ x ૬૫ કરીએ તો લગભગ રૂા. ૧,૨૦૦ કરોડ દર વર્ષે સ્વાન એનર્જીને મફતમાં મળી જશે. સ્વાન એનર્જીની પ્રેસનોટમાં જણાવ્યા મુજબ, કાર્બન ક્રેડિટ ૧૦ વર્ષ સુધી મળવાની છે, એટલે કે રૂા. ૧૨,૦૦૦ કરોડ સ્વાન એનર્જી લિ.ને કાર્બન ક્રેડિટના મળશે. આ દર્શાવે છે કે માત્ર રૂા. ૩૮૧ કરોડના રોકાણ સામે રૂા. ૧૨,૦૦૦ કરોડ કાર્બન ક્રેડિટના અને શેરની કિંમતના તફાવતના રૂા. ૨,૨૯૬ કરોડ જેનો સરવાળો કરીએ તો રૂા. ૧૪,૨૯૬ કરોડનું કૌભાંડ ગુજરાત સરકારે કરેલું છે. આ વિભાગના કેબિનેટ મંત્રીશ્રી તરીકે મુખ્યમંત્રીશ્રી પોતે હવાલો ધરાવે છે અને આ સમગ્ર કૌભાંડ તેમના આશીર્વાદ તથા ભ્રષ્ટાચારથી થયું છે. આ સમગ્ર કૌભાંડને આચરવામાં મુખ્યમંત્રીશ્રી, જી.એસ.પી.સી.ના અધિકારીઓ, સી.ઓમ.ઓ.ના અધિકારીશ્રીઓ તથા ઉર્જા અને પેટ્રોકેમિકલ્સના અધિકારીશ્રીઓની મિલીભગત છે. રાજય સરકારે ગુજરાતના હિતમાં તાત્કાલિક સ્વાન અનજી સ્વાન સાથેના કરારો રદ કરવા જોઈએ અને નીચેના પ્રશ્નોનો જનતાને જવાબ આપવો જોઈએ.

૧: આ પ્રોજેક્ટનું વેલ્યુએશન કોણે કર્યુ?

૨: પ્રોજેક્ટની ઈક્વિટી વેચતા પહેલાં ટેન્ડરની પ્રક્રિયા કોમ્પીટીટીવ પ્રક્રિયા કઇ રીતે કરી અને કેટલી કંપનીઓનો સંપર્ક ઈક્વિટી વેચતા પહેલાં કર્યો ?

૩: સ્વાન એનર્જીની પસંદગી કરવા માટેના કારણો શું છે?

૪: જાહેર સાહસોની ઈક્વિટી જાહેર માર્કેટમા બીડીંગ પ્રક્રિયાથી પારદર્શક રીતે વેચવાની પ્રસ્થાપિત પ્રણાલિકા હોવા છતાં બંધ બારણે વહીવટ કેમ કર્યો?

૫: સ્વાન એનર્જી અને સરકાર વચ્ચે કરારો શું છે?

૬: જી.આઇ.પી.સી.એલ કે જે રાજય સરકારનું સાહસ છે. અને તેની કેપેસીટી ૫૬૦ મેગાવોટની છે જે અત્યંત જુનું હોવા છતાં તેનું વેલ્યુએશન ૧૬૦૦ કરોડ રુપિયા કરવામાં આવ્યુ છે તો પછી જી.પી.પી.સી. કે જે અદ્યતન યુનિટ છે અને ૧૦૫૨ મેગાવોટ ઉત્પાદક કરવાનુ છે. તેમજ કાર્બન ક્રેડિટ પણ મળવાની છે તેના વેલ્યુએશનના ૪૯% માત્ર ૩૮૧ કરોડમાં સ્વાન એનર્જીને કેવી રીતે વેચી દીધી?

૭: સ્વાન એનર્જી એ ૪૯%નો કંપનીમાં હિસ્સો ખરીદેલો હોવા છતાં કાર્બન ક્રેડિટ ૭૦% શા માટે આપવામાં આવી છે?

જો ગુજરાત સરકારે પાવર જનરેટ કરવો હોય તો નવા ગેસ આધારિત પાવર સ્ટેશનો સ્થાપવા જોઈએ. જુના કોલબેઝ પાવર સ્ટેશનને ગેસ આધારીત કન્વર્ટ કરવાથી ગુજરાતને ફાયદા કરતાં નુકશાન વધારે થશે. હાલ જે કોલ આધારીત પાવર સ્ટેશનમાં એક યુનિટનો પડતર ભાવ રૂા. ૨.૫૦ છે. તે ગેસ આધારિત થતાં રૂા. ૩.૫૦ થઈ જશે. ગુજરાતમાં પાવરની ખૂબ મોટી ખાધ છે અને ત્યારે નવા ગેસ આધારિત પાવર સ્ટેશન બનાવવાને બદલે કોલ આધારિત પાવર સ્ટેશનને ગેસ આધારિત કરવાનો નિર્ણય માત્રને માત્ર ભ્રષ્ટાચાર કરવા માટેનો છે. ગુજરાત સરકારને પીપાવાવ ખાતેના પ્રોજેકટ માટે કોઈ ભાગીદાર લેવાની જરૂરિયાત ન હતી. કારણ કે, પીપાવાવ ખાતેના પ્રોજેકટનું સંપૂર્ણ કામ પૂર્ણ થઈ ગયું છે. ટેકનિકલ તથા ફાયનાન્સીયલ બાબતો સંપૂર્ણ રીતે પૂર્ણ થઈ ગઈ છે અને ડિસેમ્બર-૨૦૧૦માં ૧,૦૫૨ મેગાવોટ ઉત્પાદન થવાનું છે ત્યારે છેલ્લા તબક્કે કોઈપણ જાતની ટેન્ડરની પ્રક્રિયા કે પારદર્શકતા વગર સ્વાન એનર્જીને ૪૯% હિસ્સો નજીવી કિંમતમાં વેચી મારી કાર્બન ક્રેડિટમાં ૭૦% હિસ્સો આપવાનો નિર્ણય એ ખૂબ મોટો ભ્રષ્ટાચાર છે.

G.P.P.C.માં સ્વાન એનર્જીનો હિસ્સો ૪૯% થશે ત્યારે કાર્બન ક્રેડિટ ૭૦%આપી દેવાનો નિર્ણય કોઇને પણ ગળે ન ઉતરે તેવો અને કરોડોના ભ્રષ્ટાચારનો મોટો નમુનો છે.

---

પ્રતિ,
તંત્રીશ્રી,

સદરહુ પ્રેસનોટ આપના અખબારમાં પ્રસિદ્ધ કરવા માન. વિરોધપક્ષના નેતાશ્રીએ વિનંતી કરેલ છે.

**(એસ. આઈ. શેરવા)**
અંગત સચિવ